
# Veer Narmad
# South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'A' grade

सत्यम् ज्ञानम् अनन्तम्




## ઈ–દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter

Vol.2, Issue. 21, February 2020


For Private Circulation Only





Dr. Shivendra Gupta
Vice-Chancellor


આપણી યુનિવર્સિટી
આપણું ગૌરવ



## યુનિવર્સિટી ન્યૂઝ

### ભૌતિકશાસ્ત્ર વિભાગ

### લંડન અને ટોરેન્ટો ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ માટેની સમિતિમાં સ્થાન



યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ, યુનિવર્સિટીના 'ઈ–દક્ષિણાયન' ન્યુઝ લેટરના મુખ્ય તંત્રી પ્રો. શ્રી કિશોરભાઈ સી. પોરીયા આંતરરાષ્ટ્રીય કક્ષાની બે કોન્ફરન્સોમાં ઓર્ગેનાઈઝીંગ સમિતિના સભ્ય તરીકે સ્થાન પામ્યા છે.

વર્ષ ૨૦૨૧ના એપ્રિલ માસમાં લંડન (યુ.કે.) ખાતે યોજાનાર International Conference on Crystallization and Crystallography (ICCC-2021) અને જુન માસમાં ટોરેન્ટો (કેનેડા) ખાતે યોજાનાર International Conference on Crystallography, Crystallization and Crystal Growth (ICCCCG-2021)માં પ્રો. શ્રી કિશોરભાઈ સી. પોરીયા સભ્ય તરીકે સ્થાન પામ્યા છે.

આ અગાઉ તેઓ International Union of Crystallography (IuCr) ની જનરલ એસેમ્બલીમાં મોન્ટ્રીયલ (કેનેડા) ખાતે પોતાનું સંશોધનપત્ર પ્રસ્તુત કર્યુ હતું. અને વિશ્વભરની ખ્યાતનામ સંસ્થા International Association of Advanced Materials (IAAM) દ્વારા પ્રો. શ્રી કિશોરભાઈ સી. પોરીયાને એવોર્ડ એનાયત થયેલ હતો.

યુનિવર્સિટીને ગૌરવ પ્રદાન કરનાર પ્રો. શ્રી કિશોરભાઈ સી. પોરીયાને અનેરી સિદ્ધિઓ બદલ અભિનંદન પાઠવવામાં આવે છે.

ICCC 2021: 15. International Conference on Crystallization and Crystallography (April 22-23, 2021 in London, United Kingdom)




ICCCCG 2021: 15. International Conference on Crystallography, Crystallization and Crystal Growth (June 15-16, 2021 in Toronto, Canada)



### રસાયણશાસ્ત્ર વિભાગ

### 'રાજીવ ગાંધી ફેલોશીપ'ના નોડલ ઓફિસર તરીકે નિમણૂંક



પીએચ.ડી–એમ.ફિલ. સંશોધન સંશોધન અભ્યાસના અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના સંશોધનાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા માટે રાજીવ ગાંધી ફેલોશીપ એનાયત કરવામાં આવે છે. જે અંતર્ગત 'રાજીવ ગાંધી ફેલોશીપ'ના યુનિવર્સિટીના નોડેલ ઓફિસર તરીકે યુનિવર્સિટીના કેમીસ્ટ્રી વિભાગના પ્રા.ડૉ. કે.એચ.ચીખલીયાની નિયુકતી થયેલ છે. ઓનલાઈન ફાર્મ સબમીશન અને ત્યારબાદની કામગીરી જરૂરી જણાય ત્યાં એમના દ્વારા કરવાની રહેશે.

## ARCHITECTURE

### આંતરરાષ્ટ્રીય સેમિનાર – સ્થાપત્ય અને નગરરચના વિષય પર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આર્કિટેક્ચર વિભાગમાં આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજાયો, કે જેમાં આંતરરાષ્ટ્રીય સ્પીકર આર્કિટેક્ટ નીલકંઠ છાયા, નીરમા યુનિવર્સિટીના આર્કિટેક્ચર એન્ડ પ્લાનિંગ વિભાગના ડાયરેક્ટર પ્રોફે. ઉત્પલ શર્મા તથા જયપુર આર્કિટેક્ચર કોલેજના પ્રાફે. આલોક રંજન દ્વારા આજના યુગને અનુલક્ષીને કેવો હોવો જોઈએ તથા નવીન નગર રચનાના આદર્શ રીતે કેવી રીતે કરી શકાય તેનું ખુબ જ સુંદર વ્યાખ્યાન પ્રસ્તુત કરવામાં આવ્યું.

આ પ્રસંગે આર્કિટેક્ચર વિભાગના પ્રિ. આર્કિ. શ્રી રાજેશ મહેતા દ્વારા આર્કિટેક્ચર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં ભવિષ્યનાં આયોજનની જાણકારી આપવામાં આવી. આ કાર્યક્રમ કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાના અધ્યક્ષ સ્થાને યોજાયો. કુલપતિ ડૉ. શિવેન્દ્ર ગુપ્તા દ્વારા આર્કિટેક્ચર વિભાગની સિધ્ધિઓ વિશે વિદ્યાર્થીઓ તથા વિભાગના પ્રાધ્યાપકોનું અભિવાદન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ બાદ આર્કિટેક્ચર વિભાગના વિદ્યાર્થીઓનું એકેડેમીક વાર્ષિક એક્ઝીબીશન ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

## SHRI PRAVINKANT RESHAMWALA INSTITUTE OF JOURNALISM

### પુરસ્કાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ અને માસ કમ્યૂનિકેશનના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ બે શોર્ટ ફિલ્મ 'સફળતા કે સ્વર' એ CEMCA-UNESCO કોમ્યુનિટી રેડિયો વિડીઓ ચેલેન્જ–૨૦૨૦માં પ્રથમ પુરસ્કાર અને 'શાલુ – મેરી કહાની'એ આશ્વાસન પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે. આ બંને શોર્ટ ફિલ્મ્સ જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન વિભાગના ફેકલ્ટીના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવી હતી.

પ્રથમ ક્રમાંક મેળવેલ 'સફળતા કે સ્વર' ફિલ્મના નામ મુજબ કોમ્યુનિટી રેડિયોના સ્વર થકી સફળતા મેળવતી યુવતી અને તેણીની માંની કથા છે. પિતાના અવસાન બાદ ઘરની પરિસ્થિતિ અઘરી હતી. પરંતુ એક દિવસે જ્યોતિ કોમ્યુનિટી રેડિયો ઉપર સરકાર દ્વારા સ્ટાર્ટઅપ યોજનાની જાણકારી મેળવે છે અને તેમાં દાખલો કરાવે છે અને સ્ટાર્ટઅપની જાણકારી મેળવે છે. એ પાપડ ઉત્પાદનનો ધંધો શરૂ કરે છે. સમાયંતરે એના જીવનમાં પરિવર્તન આવે છે. કોમ્યુનિટી રેડિયો કેવી રીતે એક આમ યુવતીના જીવનમાં સફળતાનો સમય લાવે છે એ ફિલ્મમાં દર્શાવવામાં આવે છે.

આશ્વાસન પુરસ્કાર પ્રાપ્ત કરેલ 'શાલુ–મેરી કહાની' એક યુવતી શાલુની વાર્તા છે. જે ઘરકામ કરી પોતાનું ઘર ચલાવે છે. એક દિવસ ઘરકામ કરતી વખતે કોમ્યુનિટી રેડિયો ઉપર કૌશલ્ય વિકાસ કેમ્પની જાહેરાત સાંભળે છે. આ કેમ્પમાં મહિલાઓને માટીની મૂર્તિઓ બનાવવાની તાલીમ આપવામાં આવે છે. શાલુ આ કેમ્પમાં પ્રશિક્ષણ લઈને માટીની મૂર્તિઓ બનાવવામાં નિપુણ થઈ જાય છે. તાલીમ પછી યોજવામાં આવેલ પ્રદર્શનમાં પોતાની મૂર્તિઓનું વેચાણ કરે છે. આ રીતે શાલુ સ્વયંને સ્વર્નિભર બનાવે છે. આ શોર્ટ ફિલ્મમાં દર્શાવવામાં આવ્યું છે કે કેવી રીતે કોમ્યુનિટી રેડિયો કાર્યક્રમો સામાન્ય યુવતીને રોજગાર તરફ લઈ જાય છે.

આ પુરસ્કાર વિતરણ ૬ માર્ચના રોજ દિલ્હીમાં રાખવામાં આવ્યો છે અને એના આગલા દિવસે તા. ૫ માર્ચના રોજ 'ડોક્યુમેન્ટરી એન્ડ ફિલ્મ મેકિંગ'નો એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. બંને ટીમના એક–એક વિદ્યાર્થીએ વર્કશોપમાં ભાગ લેવા માટે દિલ્હી જવાનું છે જેનો સંપૂર્ણ ખર્ચ CEMCA દ્વારા કરવામાં આવશે. કોમ્યુનિટી રેડિયો વિડીયો ચેલેન્જ કોમનવેલ્થ એજ્યુકેશન મીડિયા સેન્ટર ફોર એશિયા (CEMCA) અને યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશન, સાઈન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈજેશન (UNESCO), નવી દિલ્હીનું સંયુક્ત પહેલ છે. આ પહેલ ભારતીય યુવાઓને કોમ્યુનિટી રેડિયો વિષે જાગૃત કરવા માટે અને તેનું મહત્વ સમજવા માટે કરવામાં આવી છે. CEMCA વર્ષ ૨૦૦૬ થી કોમ્યુનિટી રેડિયોને પ્રોત્સાહિત કરવા માટે કાર્યરત છે. વર્ષ ૨૦૧૪થી CEMCA અને UNESCO સંયુક્તપણે કોમ્યુનિટી રેડિયો વિડીયો ચેલેન્જનું આયોજન કરી રહ્યું છે.

### ગુજરાત રાજ્ય આંતર યુનિવર્સિટી સ્ટાફ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૧૯–૨૦

ગુજરાત રાજ્ય આંતર યુનિવર્સિટી સ્ટાફ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૧૯–૨૦નું આયોજન તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના યજમાન પદે સાદરા મુકામે યોજવામાં આવેલ હતી. જેમાં ગુજરાત રાજ્યની કુલ ૧૬ યુનિવર્સિટીઓએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાના પ્રમુખ પદે તથા ઈ.ચા.કુલસચિવશ્રી રાજેન્દ્રભાઈ બી. પટેલના અતિથિવિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત–ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટી સ્ટાફ કલબના પ્રમુખ અને ટીમના કેપ્ટન શ્રી ડૉ. મીતલ ઉપાધ્યાયે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. તથા સ્ટાફ કલબના મંત્રી શ્રી ડૉ. શૈલેષ ચંદુભાઈ પટેલ અને મેનેજર શ્રી મનહર એમ. રાઠોડે સેવા આપી હતી.


**યુનિવર્સિટી સ્ટાફ ક્રિકેટ ટીમ:**

૧. શ્રી ડૉ. મિતલ દિપકભાઈ ઉપાધ્યાય (કેપ્ટન)
૨. શ્રી ડૉ. શૈલેષ ચંદુભાઈ પટેલ (ઉપ–કેપ્ટન)
૩. શ્રી દિનેશ યશવંતરાવ સિંદે
૪. શ્રી પિન્ટુ ઈશ્વરભાઈ પટેલ
૫. શ્રી નિરવ સુમનભાઈ દેસાઈ
૬. શ્રી ઉમેશ નારાયણભાઈ ઢિમ્મર
૭. શ્રી સંદીપ બાબુરાવ વાર્લેકર
૮. શ્રી રીકેશ નપીનભાઈ પટેલ
૯. શ્રી અમીત સુરેશભાઈ પટેલ
૧૦. શ્રી મૌનિક સતીષભાઈ પટેલ
૧૧. શ્રી અંકિત વસંતભાઈ પટેલ
૧૨. શ્રી સાજન સુનીલભાઈ પટેલ
૧૩. શ્રી લવકેશ હસમુખભાઈ પટેલ
૧૪. શ્રી હર્ષદભાઈ એમ. ભાજીવાલા
૧૫. શ્રી રક્ષિત સુરેશભાઈ કુંબી
૧૬. શ્રી મનહરભાઈ એમ. રાઠોડ










## કોલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

#### આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એસ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશ્યલ સાયન્સ રિસર્ચના સહયોગથી જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અને ધ ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ફોર ડેવલપમેન્ડ સ્ટડીઝ (IIDS) ઓસ્ટ્રેલીયાના સંયુકત ઉપક્રમે "ઈમરજીંગ ઈસ્યુ ઈન ડેવલપમેન્ટ ફોર ફયુચર જનરેશન" વિષય પર ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું તા. ૧૨ અને ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા, પદ્મશ્રી યઝદી કરંજીયા, સુરત મહાનગર પાલિકાના મેયરશ્રી જગદીશભાઈ પટેલ, જીવનજયોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી અનુજભાઈ શાહ, જીવનજયોત ટ્રસ્ટના કારોબારી સભ્યો તેમજ શ્રી સ્નેહલભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સમાં મુખ્ય વકતા તરીકે ધ ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ફોર ડેવલપમેન્ટ સ્ટડીઝ (IIDS) ઓસ્ટ્રેલીયાના ડૉ. કાર્તિક રોય તેમજ બીજા તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સમાં વિદેશથી તેમજ ભારતના વિવિધ રાજયમાંથી ૬૫૭ કરતા વધારે સંશોધકો

ઉપસ્થિત હતા અને તેમના સંશોધન પેપર રજુ કર્યા હતા. તેમના સંશોધન પેપર અને કોન્ફરન્સનો મુખ્ય હેતુ વિશ્વની સમસ્યાઓ ઉપર ચર્ચા કરવી, તેનો ઉકેલ લાવવો, અને આવનારી પેઢી માટે વિકાસની તકોનું સર્જન કરવા માટે વિવિધ વિષય ઉપર ચર્ચા કરવામાં આવી હતી. મહેમાનોનું સ્વાગત કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ કર્યુ હતું. કોન્ફરન્સના કો–ઓર્ડિનેટર ડૉ. સેજલ દેસાઈ અને ડૉ. રૂસ્તમ સદરી તેમજ કોન્ફરન્સ સેક્રેટરી ડૉ. મેહુલ શાહ, પ્રા. કમલેશ સાવલીયા, પ્રા. મનિષ ટેલર, ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા, ડૉ. મંયક સોઢાએ સંચાલન કર્યુ હતું. કોલેજના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તેમજ ભુતપૂર્વ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમજ વર્તમાન વિદ્યાર્થીઓએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.







## એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન

તા. ૧૮–૦૨–૨૦૨૦ને મંગળવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા અદાણી, હજીરા પોર્ટ પ્રાઈવેટ લિમિટેડ, હજીરા ખાતે શૈક્ષણિક પ્રવાસનું આયોજન થયુ હતું. આ શૈક્ષણિક પ્રવાસ અદાણી ફાઉન્ડેશનના ઉડાન પ્રોજેકટ અંતર્ગત વિદ્યાર્થીઓમાં એકસપોર્ટ–ઈમપોર્ટ, અદાણી કંપની, પોર્ટઈન્ડસ્ટ્રી, વિવિધ વસ્તુઓની દરિયાઈ માર્ગ દ્વારા અવર–જવર, સંસ્થાના વિવિધ વિભાગો વગેરે બાબતોથી માહિતગાર કરવા આ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. અદાણી ફાઉન્ડેશનના કો–ઓર્ડીનેટર શ્રી દિનેશભાઈ દેવગણિયાએ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. તેમણે અદાણી પોર્ટ, અદાણી કંપનીના સંસ્થાપક શ્રી ગૌતમ અદાણીના જીવન ચરિત્ર વિશે, મરીન કંટ્રોલ ડિપાર્ટમેન્ટ વિશે, કન્ટેઈનરની ગોઠવણી વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. કોલેજના ૪૯ વિદ્યાર્થીનીઓ તેમજ ૬ જેટલા અધ્યાપકો શૈક્ષણિક પ્રવાસમાં જોડાયા હતા. શૈક્ષણિક પ્રવાસનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ ડૉ. ચિરાગ સિધ્ધપુરિયાએ કર્યુ હતું.







## એન.એસ.એસ. તેમજ એન.સી.સી.

તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૦ને સવારે ૯:૩૦ કલાકે જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એસ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં એન.એસ.એસ. તેમજ એન.સી.સી. પ્રવૃત્તિમાં સર્વોચ્ચ પ્રદર્શન કરનાર વિદ્યાર્થી ભાઈઓ–બહેનોના ઈનામ વિતરણ સમારંભનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીવનજ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ગિરધર ગોપાલ મુંદડા, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ, લેફટન્ટ પ્રા. પુનિતાબેન પટેલ એસ.બી.ગારડા આર્ટ્સ

કોલેજ, સેનેટ સભ્યશ્રી કનુભાઈ ભરવાડ તથા વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓ હાજર રહ્યા હતા. મુખ્ય મહેમાનશ્રી પ્રમુખશ્રી ભરતભાઈ શાહ હાજર રહી તેમના વ્યકતવ્ય દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ મોટી સંખ્યામાં વાલીશ્રીઓ હાજર રહ્યા હતા.

સમારંભની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની દીપ દુધાત્રાએ કરી હતી. પ્રિ.ડૉ.કે.એન.ચાવડાએ કોલેજની વિકાસગાથા વર્ણવી, એન.એસ.એસ. તેમજ એન.સી.સી. પ્રવૃત્તિ અંગે માહિતી આપી મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતુ. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓના વરદ્હસ્તે દીપ પ્રગટાવી ઉદ્દઘાટન કરી એન.એસ.એસ. તેમજ એન.સી.સી. પ્રવૃત્તિમાં સર્વોચ્ચ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના મહેમાનોનો આવકાર પ્રિ.ડૉ.કે.એન.ચાવડાએ આપ્યો હતો. મહેમાનોનો પરિચય ડૉ. આર. ડી. રાણાએ કરાવ્યો હતો.

કાર્યક્રમ દરમ્યાન એન.એસ.એસ. તેમજ એન.સી.સી. પ્રવૃત્તિમાં સર્વોચ્ચ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને નયન રમ્ય ટ્રોફીઓ અને ઈનામો અપાયા હતા. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન પ્રિ.ડૉ.કે.એન.ચાવડાએ તેમજ ઈનામ વિતરણ સંચાલન, શ્રી કે.આર.સોલંકી અને વહીવટી પરિવાર અને ઉદ્ઘોષક તરીકેની સેવા પ્રા.ડૉ.રાજેશ.ડી. રાણા તેમજ વિદ્યાર્થીઓ, આભારવિધિ પ્રા. વિજયભાઈ એમ. ચૌધરી દ્વારા કરવામાં આવી. ઈનામોની જાહેરાત પ્રા. ભારતી કે.વાઘ અને પ્રા. નેહા વી. ઉપાધ્યાય, પ્રા. જે.બી. ચૌધરીએ કરી હતી.



## છઠ્ઠો ઈનામ વિતરણ કાર્યક્રમ

તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૦ને સવારે ૯:૩૦ કલાકે જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓના તેજસ્વી, પ્રતિભાશાળી તથા ઉલ્લેખનીય સિધ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થી ભાઈઓ–બહેનોના ઈનામ વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, એન.આર.આઈ. શ્રી ઈશ્વરભાઈ પટેલ ઉત્રાણ, યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી વિનોદભાઈ ગજેરા, સેનેટ સભ્યશ્રી કનુભાઈ ભરવાડ તથા વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. મુખ્ય મહેમાનશ્રી જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલે અમરોલી કોલેજની તમામ પ્રકારની સિધ્ધિઓ અને સંચાલક મંડળનાં સહયોગની પ્રસંશા કરી હતી. તેમજ મોટી સંખ્યામાં વાલીશ્રીઓ હાજર રહ્યા હતા.

સમારંભની શુભ શરૂઆત ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની કુ. પ્રિયંકા યાદવએ કરી હતી. પ્રિ.ડૉ.કે.એન. ચાવડાએ કોલેજની વિકાસ ગાથા વર્ણવી યુનિવર્સિટી પરીક્ષામાં વિદ્યાર્થીઓએ મેળવેલ ઉત્તમ પરિણામ અંગે માહિતી આપી મહેમાનોનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યુ હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓના વરદ્હસ્તે દીપ પ્રગટાવી ઉદ્દઘાટન કરી શૈક્ષણિક પ્રવૃતિઓ સર્વોચ્ચ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના મહેમાનોનો આવકાર પ્રિ.ડૉ..કે.એન.ચાવડાએ આપ્યો હતો. મહેમાનોનો ડૉ. આર.ડી.રાણાએ પરિચય કરાવ્યો હતો.

કાર્યક્રમના અંતે બી.એ./બી.કોમ. સેમ–૫ અને એમ.કોમ. (અં.મા.,ગુ.મા.)ના વર્ગમાંથી ઉચ્ચ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને નયન રમ્ય ટ્રોફીઓ અને ઈનામો અપાયા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ હાજર રહ્યા હતા. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સચાલન પ્રિ.ડૉ.કે.એમ.ચાવડાએ તેમજ ઈનામ વિતરણ સંચાલનશ્રી કે.આર. સોલંકી અને વહીવટી પરિવાર અને ઉદ્ઘોષક તરીકેની સેવા પ્રા.પાયલ પ્રજાપતિ તેમજ વિદ્યાર્થીઓ, આભારવિધિ પ્રા. રૂદ્રનાથ ઝા દ્વારા કરવામાં આવી હતી. ઈનામોની જાહેરાત પ્રા. ભરતભાઈ ડી. પટેલ, ડૉ. કૃતિ પટેલ, ડૉ. બળવંત એન. ઢીમ્મર, ડૉ. રાજેશ ડી. રાણા, પ્રા. હેમા દવેએ કરી હતી.





## સાતમો ઈનામ વિતરણ કાર્યક્રમ

તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ને સવારે ૯:૩૦ કલાકે જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તેજસ્વી, પ્રતિભાશાળી તથા ઉલ્લેખનીય સિધ્ધિઓ હાંસલ કરનાર વિદ્યાર્થી ભાઈઓ–બહેનોના ઈનામ વિતરણ સમારંભનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીવન જયોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી રૂપિન પચ્ચીગર મેમ્બરશ્રી, સ્વનિર્ભર શાળા ફી નિયમન સમિતિ, સુરત ઝોન, ઉત્રાણ ભાજપના મહામંત્રીશ્રી પંકજસિંહ બારડ–વોડ નં.ર ઉત્રાણ તથા વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. શ્રી રૂપિન પચ્ચીગરે અમરોલી કોલેજની તમામ પ્રકારની સિધ્ધિઓ અને સંચાલક મંડળનાં સહયોગની પ્રશંસા કરી હતી તેમજ મોટી સંખ્યામાં વાલીશ્રીઓ હાજર રહ્યા હતા.

સમારંભની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. દર્શના ટાંકએ કરી હતી. પ્રિ.ડૉ.કે.એન. ચાવડાએ સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં વિદ્યાર્થીઓએ મેળવેલ ઉત્તમ પરિણામ અંગે માહિતી આપી મહેમાનોનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યુ હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓના વરદ્હસ્તે દીપ પ્રગટાવી ઉદ્ઘાટન કરી સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં સર્વોચ્ચ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. મહેમાનોનો આવકાર પ્રિ.ડૉ.કે.એન.ચાવડાએ અને પરિચય ડૉ.આર.ડી.રાણાએ કરાવ્યો હતો.

કાર્યક્રમના અંત ભાગમાં સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં ઉચ્ચ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને નયન રમ્ય ટ્રોફીઓ અને ઈનામો અપાયા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ હાજર રહ્યા હતા. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહપૂર્ણ રહ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સચાલન પ્રિ.ડૉ.કે.એમ. ચાવડાએ તેમજ ઈનામ વિતરણ સંચાલન, શ્રી કે.આર. સોલંકી અને વહીવટી પરિવાર અને ઉદ્ઘોષક તરીકેની સેવા પ્રા. હેમા દવે, ડૉ. ઝંખના પરમાર તેમજ વિદ્યાર્થીઓ, આભારવિધિ પ્રા. રૂદ્રનાથ ઝા દ્વારા કરવામાં આવી હતી. ઈનામોની જાહેરાત ડૉ. ઝંખના પરમાર, પ્રા. કનુભાઈ સુતરીયા, પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. નરેન્દ્ર બારીયા, પ્રા. છાયાબેન નાયકે કરી હતી.






**જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન, અમરોલી.**

## આતંર કોલેજ વોલીબોલ B-ZONE પ્રતિયોગિતામાં પ્રથમ

આતંર કોલેજ વોલીબોલ B-ZONE પ્રતિયોગિતા ગર્વમેન્ટ કોલેજ, વાલોડ ખાતે તા. ૧૨/૦૨/૨૦૨૦ના રોજ યોજવામાં આવી હતી. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ ચેમ્પીયન બની હતી. ફાઈનલ મેચમાં પી.આર.બી. એન્ડ પી.જી.આર. આર્ટ્સ એન્ડ કોર્મસ કોલેજ, બારડોલીને ર–૦ સેટમાં હરાવી હતી. સેમી–ફાઈનલમાં પાટીદાર જીન સાયન્સ કોલેજ બારડોલીને ર–૧ સેટ પર હરાવી હતી. કવાર્ટર ફાઈનલમાં ડોલીબેન દેસાઈ કોલેજ, પલસાણાને ર–૦ સેટ પર હરાવી હતી. આ સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ જીવન જયોત ટ્રસ્ટના પ્રમુખ ભરતભાઈ શાહ, સેક્રેટરી અશ્વિનભાઈ પટેલ અને ઈ.ચા.આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી દ્વારાખેલાડીઓ તથા કોચ ડૉ. પ્રદિપકુમાર લેન્કાને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



## VOYAGE હુન્નર કી કસ્તી

જીવન જ્યોત ટ્રસ્ટ, સંચાલિત આર.વી પટેલ કોલેજ ઓફ કોમર્સ અને વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ ખાતે VOYAGE હુન્નર કી કસ્તી અંતર્ગત ગરવી ગુજરાત દોઢીયા સ્પર્ધા, ક્વિઝ કર્મા, બ્યુટીકેપ્ચરિંગ, તેમજ ફેશન શો જેવી આંતર કોલેજ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યુનિવર્સિટી સાથે જોડાયેલી વિવિધ કોલેજોમાંથી આશરે ૧૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીઓ દ્વારા સમુહ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે ડીઆરડી સુપર મોમ શ્રધ્ધા શાહ, રેડિયો જોકી મિહિર પાઠક, શ્રી જગદીશ ઈટાલીયનએ હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સંચાલકોના સહકાર અને ઈ.ચા.આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના સંકલન સમિતિ પ્રા. ડૉ. હેમાદ્રી ટીકાવાલા અને પ્રા. ધ્રુવ ગાંગડાવાલા દ્વારા સફળ રીતે સંચાલન થયેલ હતું. નિર્ણાયક તરીકે શ્રી ચિંતન વશી, શ્રી દિવ્યા પટેલ, શ્રી આશિષ સોલંકી, શ્રી રિષી લીમ્બાર્ડ તેમજ શ્રી અદા શાહ જેવા નિષ્ણાતોએ ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમને અંતે વિજેતાઓને પારિતોષિક તેમજ દરેક સ્પર્ધકોને પ્રમાણપત્ર એનાયત કર્યા.






## આંતર કોલેજ બોક્સિંગ પ્રતિયોગિતામાં ચેમ્પીયન

૨૦૧૯–૨૦૨૦ના કેલેન્ડર વર્ષમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આંતર કોલેજ બોક્સિંગ પ્રતિયોગિતા ગર્વમેન્ટ આર્ટસ કોલેજ ઝઘડીયા, ભરૂચમાં યોજાયેલ હતી. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ૨૫ કોલેજોના વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધો હતો. ભાઈઓમાં આ.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ)ના ખેલાડી ભાઈઓમાં મિશ્રા નવીનકુમાર અને હિતેશ ગોલ્ડ મેડલ તેમજ પ્રજાપતિ આકાશે સીલ્વર મેડલ અને પટ્ટનાયક દીપક અને પંદિત સનોજે મેડલ પ્રાપ્ત કર્યો હતો. તેમજ ખેલાડી બહેનોમાં ગજેરા નીલમે ગોલ્ડ મેડલ અને શુકલા મોસમી અને માંડાણી પ્રેરણાએ સિલ્વર મેડલ મેળવ્યો હતો. આ સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, સેક્રેટરીશ્રી અશ્વિનભાઈ પટેલ અને અનુજભાઈ શાહ તથા ઈ. ચા. આચાર્ય ડૉ.મુકેશભાઈ ગોયાણી દ્વારા ખેલાડીઓ તથા કોચ ડૉ. પ્રદિપકુમાર લેન્કાને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.






## ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ

૧. જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ અમરોલી, છાપરાભાઠાના ઈ.ચા.આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટની વિવિધ કોલેજના વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે બાહ્ય જગત સાથે જોડવાના ભાગરૂપે ફેબ્રુઆરી ૨૦૨૦ દરમ્યાન વિવિધ જગ્યાઓની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરેલું હતું. જે અંતર્ગત વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ ગુજરાતી માધ્યમના ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓને ઉત્પાદન સંચાલન સંબંધિત વ્યવહારુ જ્ઞાન આપવા માટે તા. ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ

શ્રી સુકાન ઈન્ડસ્ટ્રી નીલકંઠ ફેશન એન્ડ ટેક્ષટાઈલ્સની મુલાકાત યોજવામાં આવી હતી જેમાં ટેક્ષટાઈલ્સ અને કાપડ સંબંધિત ઉત્પાદન પ્રક્રિયાની માહિતી આપવામાં આવી હતી. લગભગ ૭૮ વિદ્યાર્થીઓએ સાથે આ મુલાકાતનું સફળ સંચાલન બી.કોમ.ના કો–ઓર્ડિનેટર પ્રા.ધરીત નાયક, પ્રા. ડૉ. હેમાદ્રી ટીકાવાળા અને પ્રા. વિરલ પટેલ દ્વારા કરાયું હતું.




૨. આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ અંગ્રેજી માધ્યમ ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓને તા. ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ અદાણી ફાઉન્ડેશનના ઉડાન પ્રોજેક્ટ અંતર્ગત, અદાણી હજીરા પોર્ટ પ્રાઈવેટ લિમિટેડની મુલાકાત કરાવાઈ હતી. જેમાં પ્રોજેક્ટ ઓફિસરશ્રી દિનેશ દેવગણ્યાએ લગભગ ૬૫ વિદ્યાર્થીઓને પોર્ટની કામગીરી સંબંધિત માહિતી આપી હતી. આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ મુલાકાતનું સંચાલન પ્રા. ડૉ. હિમાદ્રી ટીકાવાળા તેમજ પ્રા. ધ્રુવ ગાંગદવાળાએ કર્યુ હતું.



૩. વી.બી.શાહ ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટના એસ.વાય. બી.બી.એ.ના અભ્યાસક્રમના ભાગરૂપે તા. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ નિલકંઠ ગ્રુપના શ્રી શુકન ટેકસટાઈલ ઉદ્યોગ તેમજ સાયણ સુગર ફેકટરીમાં ૬૫ જેટલા વિદ્યાર્થીઓ માટે મુલાકાત યોજવામાં આવી હતી. ઈ.ચા.આચાર્યના માર્ગદર્શન હેઠળ બી.બી.એ. કોલેજ કો–ઓર્ડિનેટર પ્રા. ડૉ. સ્વાતી મહેતા તેમજ પ્રા. ડૉ. એમ.વી.સોની, પ્રા. સોયેબ જિંદાની, પ્રા. ડૉ. નિલેશ પટેલ દ્વારા સંચાલિત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ શેરડીથી ખાંડ સુધીની સંપૂર્ણ પ્રક્રિયા જોઈ હતી તેમજ કાપડના કોમ્પેન પર યાર્નથી કાપડ બનાવવાની જીવંત પ્રક્રિયા જોવાનો લાભ લીધો હતો.



## વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરત.

### એન્ટરપ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ



વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં ઉડીશા અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા સંચાલિત સેન્ટર ફોર એન્ટરપ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ (CED)ના સંયુક્ત ઉપક્રમે આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ તા. ૩૦/૧/૨૦૨૦ થી ૧૬/૨/૨૦૨૦ના રોજ – ૨ અઠવાડિયાનો 'એન્ટરપ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ'–મોડ્યુલ–IIનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામનો આરંભ CEDના ટીમ લીડર (સાઉથ ગુજરાત રીજીયન) મિસ. આશા દવે દ્વારા એન્ટરપ્રેન્યોરશીપ એવેર્નેસના વિષય પર સેમિનારથી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ પ્રોગ્રામમાં વિવિધ યુનિવર્સિટી, સંસ્થા, ઈન્ડસ્ટ્રીઝના મહાનુભાવો જેમ કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ઉદ્યોગપતિ, પ્રોફેશનલ કન્સલ્ટન્ટ, પ્રોફેસર્સ, એચ.આર. મેનેજર, ટ્રેનીગ ઓફિસર વિગેરે હાજર રહ્યા હતા. આ મહાનુભાવોએ દરેક દિવસે જુદા જુદા વિષયો જેમકે ઉદ્યોગ સાહસિક, માઈક્રોલેબ, ઓધ્યોગિક તકો, ઉદ્યોગ પસંદગી, નાણાકિય સંસ્થાઓની સહાય યોજના, બજાર સંશોધન અને સર્વેક્ષણ, માર્કેટિંગ મેનેજમેન્ટ, પ્રોજેક્ટ રીપોર્ટ, હિસાબી વ્યવસ્થા, નાણાકિય સંચાલન વિષે ચર્ચા કરી હતી. આ પ્રોગામમાં ૩૫ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રશ્નો પૂછીને મૂંઝવણોના ઉકેલ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઉપરાંત છેલ્લા દિવસે વિદ્યાર્થીનીઓએ સ્થાનિક એકમની પણ મુલાકાત લીધી હતી.

આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે એન્ટરપ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ વિષે વિસ્તૃત માહિતી પૂરી પાડવા બદલ મિસ. આશા દવે, CEDના પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર શ્રી મનહર પટેલ અને સેન્ટર ઓફ એન્ટરપ્રેન્યોરશીપ ડેવલપમેન્ટનો આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. અર્નાઝ ભાટપોરિયાએ કર્યુ હતું.

## સ્ટેટ લેવલ આંતર કોલેજ સ્પર્ધા

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓએ સુરત સ્થિત મેટાસ એડવેન્ટીસ્ટ કોલેજ દ્વારા આયોજિત સ્ટેટ લેવલ 'મેટાસ યુફોરિયા ૨૦૨૦' સ્પર્ધાની વિવિધ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. જેમાં એસ.વાય.બી.બી.એ.ની કુ. કાજલ જૈન, ટી.વાય. બી.બી.એ.ની કુ. સ્નેહલતા જેના, કુ. શેફાલી મિત્તલ અને કુ. આયુશ્કા જૈનની ટીમે સ્પ્રિન્ટ ફોર કેશ અને લેટ્સબ્રેન્ડ સ્પર્ધાઓમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યુ છે. વિજેતા વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ, મેડલ અને ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા. આ સિદ્ધિઓ પ્રાપ્ત કરવા બદલ આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલ, સમગ્ર કોલેજના સ્ટાફ તથા મેનેજમેન્ટના સભ્યોએ વિદ્યાર્થીનીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.




## બ્રેસ્ટ અને સર્વાઈકલ કેન્સર : સેમિનાર

વર્લ્ડ કેન્સર ડેના નિમિત્તે વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં સપ્તધારાના જ્ઞાન ધારા અંતર્ગત આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ વિમેન્સ સેલ દ્વારા 'બ્રેસ્ટ કેન્સર અને સર્વાઈકલ કેન્સર' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ઈન્ડિયન મેડીકલ એસોસીએશનના પ્રેસીડન્ટ ડૉ. પારુલ વડગામા, ભારત સરકારના હેલ્થ ડિપાર્ટમેન્ટના પૂર્વ ડાયરેકટર ડૉ. વિકાસબેન દેસાઈ અને ડૉ. નિકુંજ વિઠલાની હાજર રહ્યા હતા. ડૉ. નિકુંજ વિઠલાની અને ડૉ. વિકાસબેન દેસાઈએ જણાવ્યું હતું કે, સ્તન કેન્સર માટે સૌથી પહેલા તો, મહિલાઓએ જાગૃત થવાની જરૂર છે. બ્રેસ્ટ કેન્સરને મેમોગ્રાફી અને પેપ ટેસ્ટ અથવા જાતે જ સ્તનની તપાસથી ઓળખી શકાય છે. આંતરિક ગાંઠ કે સોજો જેવા લક્ષણો જણાય તો ડોકટરનો સંપર્ક કરવો જોઈએ. સર્વાઈકલ કેન્સર એ વાયરસથી થતો રોગ છે, હવે એની રસી ઉપલબ્ધ છે, એટલે તેનો ઉપાય શકય છે. આ સેમિનારમા વિદ્યાર્થીનીઓએ ઉત્સુકતાપૂર્વક ભાગ લઈ વિવિધ પ્રશ્નોત્તરી દ્વારા પોતાની મૂંઝવણોનો નિકાલ કર્યો હતો.

આ અવસરે વનિતા વિશ્રામ સંસ્થાના હોનરરી સેક્રેટરી ડૉ. એસ.કે. મોહન્તી પણ હાજર રહ્યા હતા. અંતે ઉપસ્થિ મહાનુભાવોનું અભિવાદન કરી, આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે આ પ્રકારના સેમિનારનું આયોજન કરવા બદલ ઈન્ડિયન મેડીકલ એસોસીએશનનો આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન વિમેન્સ સેલના સેક્રેટરી ડૉ. સંગીતા શ્રીવાસ્તવાએ કર્યુ હતુ.



## આંતર કોલેજ બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ સ્પર્ધા

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓએ જી.આઈ.ડી.સી. રજ્જુ શ્રોફ રોફેલ ઈન્સ્ટીટ્યુટ, વાપી દ્વારા આયોજીત આંતર કોલેજ "ઈન્સેપ્ટમ" સ્પર્ધાની બેસ્ટ આઉટ ઓફ વેસ્ટની ટીમ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. જેમાં ટી.વાય.બી.કોમની કુ. હિરલ સૂચક અને કુ. જાનવી ગંગાનીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યુ છે. તે બદલ આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલ, સમગ્ર કોલેજ સ્ટાફ તથા મેનેજમેન્ટના સભ્યોએ વિજેતા વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.



## નવયુગ સાયન્સ કોલેજ, સુરત.

### વાર્ષિક શિબિર

નવયુગ સાયન્સ કોલેજનો રાષ્ટ્રીય સેવા યોજનાનો વર્ષઃ ૨૦૧૯–૨૦નો વાર્ષિક શિબિર બે તબકકામાં યોજયો હતો. કુલ ૪૩ વિદ્યાર્થીઓ ધરમપૂર–કપરાડા તાલુકાનાં ૭ ગામોની આશ્રમશાળામાં ગયા હતા. ગણિત–વિજ્ઞાનના પ્રયોગ આધારીત શિક્ષણ સાથે વ્યકિતત્વ ઘડતરની પ્રવૃતિઓ પણ કરાવી હતી. વનક્ષેત્રનાં બાળકો સાથેનાં એમના કેમ્પનાં દિવસોને "આત્મિય પર્વ" તરીકે ઓળખાવ્યો હતો. વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારી સુરત વિભાગનાં સંગઠક શ્રી ચિરાગભાઈ પરમાર અને ઈશિતા ઉનડકટે કેમ્પપૂર્વે વિશેષ ૧૫ કલાકનું પ્રશિક્ષણ આપ્યુ હતું અને શિબિરમાં ૩૯ વિદ્યાર્થીઓ ઉમરકુઈ આશ્રમશાળા, વાસંદા ખાતે જોડાયા હતા. જયાં ગામની તેમજ આજુબાજુના ગામોની ત્રણ શાળામાં પ્રયોગ આધારિત ગણિત–વિજ્ઞાન અને કોમ્પ્યૂટર વિષયોનું શૈક્ષણિક કાર્ય તથા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરાયું હતું. આ ઉપરાંત શ્રમકાર્ય, સ્વછતા જાગૃતિ રેલી તેમજ કોલેજ કેમ્પસમાં એકત્ર કરાયેલા વસ્ત્રોનું જરૂરિયાતમંદ લોકોને વિતરણ કરાયું હતું. શિબિરમાં આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ એસ. પટેલ હાજર રહી પ્રોત્સાહિત કર્યા હતા. શિબિરમાં ગામના સરપંચશ્રી મગનભાઈ ચૌધરી તેમજ શાળાના આચાર્યશ્રી સંતોષભાઈ વહિયાનો ખૂબજ સહાકર રહ્યો હતો. શિબિરનું આયોજન પ્રોગ્રામ ઓફિસર પ્રા.પી.સી.પટેલ દ્વારા કરાયું હતું.




## નવયુગ કોમર્સ કોલેજ, સુરત.

### તરણ સ્પર્ધા

નવયુગ કોમર્સ કોલેજ, સુરતના વિદ્યાર્થી રુત્વિક ભાજીવાલાએ અખિલ ભારતીય વીર સાવરકર ઓલ ઈન્ડિયા સમુદ્ર તરણ સ્પર્ધામાં ચોરવળ બંદરેથી વેરાવળના સમુદ્રમાં સ્પર્ધા યોજાય હતી જેમાં ૭ કલાક ૪ મિ. ૩૮ મિ. ૧૬ માઈલનું અંતર પુરુ કરી પ્રથમ ક્રમે રૂા. ૫૧,૦૦૦/– પ્રાપ્ત કર્યા હતા. તેમજ ખેલમહાકુંભ રાજયકક્ષાએ તરણ સ્પર્ધામાં બટરફલાઈ એવેન્ટમાં તૃતિય ક્રમે આવ્યા હતા. આ સિદ્ધિ બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ, પ્રા. ડૉ. રાજેશભાઈ નાયક તથા શારીરિક શિક્ષણના પ્રા. સી. કે. અસારિયા તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.




### ફૂટબોલ (ભાઈઓ)ની ટીમમાં પસંદગી

નવયુગ કોમર્સ કોલેજ, સુરતના વિદ્યાર્થી શેખ ઉસમાનગની તાંતવાલા (એમ.કોમ. સેમ–૨) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ફૂટબોલ (ભાઈઓ)ની ટીમમાં પસંદગી પામી, વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી સ્પર્ધા રમવા માટે બર્કતુલ્લા યુનિવર્સિટી, ભોપાલ મુકામે રમવા ગયા હતા. આ સિદ્ધિ બદલ કોલેજના આચાર્યશ્રી. ડૉ. વિનોદભાઈ એન. પટેલ, પ્રા. ડૉ. રાજેશભાઈ નાયક, તથા શારીરિક શિક્ષણના પ્રા. સી. કે. અસારિયા તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.




### વોલીબોલ (ભાઈઓ)ની ટીમમાં પસંદગી


નવયુગ કોમર્સ કોલેજ, સુરતના વિદ્યાર્થી રાજ જે. બુન્કી (એમ.કોમ. સેમ–૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વોલીબોલ (ભાઈઓ)ની ટીમમાં પસંદગી પામી, વેસ્ટ ઝોન આતંર યુનિવર્સિટી સ્પર્ધા રમવા માટે આર.ટી.એમ. યુનિવર્સિટી, નાગપુર મુકામે ગયા હતા. આ સિદ્ધિ બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ, પ્રા. ડૉ. રાજેશભાઈ નાયક, તથા શારીરિક શિક્ષણના પ્રા.સી.કે. અસારિયા તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.



## સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ, સુરત.

### સ્કોપા કોલેજ દ્વારા તા.૧૨/૦૧/૨૦૨૦ થી તા. ૧૦/૦૨/૨૦૨૦ દરમિયાન થયેલી પ્રવૃતિઓ

તા. ૨૧ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ અમદાવાદ ગુજરાત સમાચાર દ્વારા આયોજીત નાટ્ય સ્પર્ધામાં સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ, સુરતના વિદ્યાર્થીઓ દ્વારા રકત ચિત્કાર નાટ્ય રજુ કરવામાં આવ્યુ હતું.





તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ, સુરતમાં કરાઓકે સર્ટીફીકેટ કોર્ષના વિદ્યાર્થીઓનો વાર્ષિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષશ્રી તેમજ પ્રથમ અને દ્વિતીય ઉપાધ્યક્ષશ્રી હાજર રહી કાર્યક્રમને બિરદાવ્યો હતો.

તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સુરત જીલ્લા પંચાયત દ્વારા આયોજીત કાર્યક્રમ રાષ્ટ્રીય મતદાતા દિવસમાં સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ, સુરત નાટ્ય વિભાગના વિદ્યાર્થીઓએ વોટીંગ અવરનેસ વિષય પર સ્કીટ રજુ કરી સમાજને નવો સંદેશ આપ્યો હતો.








તા. ૨ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સુરત મહાનગરપાલિકા આયોજીત પુસ્તક મેળામાં સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ, સુરતના નૃત્ય વિભાગ દ્વારા પ્રાચીન ગરબો અને નાટ્ય વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન પર સ્કીટ રજુ કરવામાં આવી હતી. જેની પ્રસ્તુતિ દ્વારા પ્રેક્ષકો મંત્રમુગ્ધ બન્યા હતા.



## શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સુરત.

### સ્પોર્ટસ ડે : ઉજવણી

વરાછા વિસ્તારની શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ બી.કોમ. (ઈ.એમ.) એડિશનલ ડિવીઝન સેલ્ફ ફાયનાન્સ ફોર વિમેન્સ કોલેજમાં 'એન્યુઅલ સ્પોટર્સ ડે' નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિવિધ સ્પર્ધાઓ જેવી કે ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડી, ટગ ઓફ વોર, રનીંગ, જંપીંગ, થ્રોઈંગ અને રીક્રિએશન રમતો જેવી કે મ્યુઝીકલ ચેઈર, લેમન સ્પૂન, સેક રેસ, સ્લોબાઈક અને ટ્રાયલેગ રન જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોલેજની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સંસ્થાના માનદ્મંત્રી શ્રી હેમંતભાઈ ટોપીવાળા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય શ્રી મયુરભાઈ ચૌહાણ અને કોલેજના આચાર્યશ્રી ડૉ. ડિ.એલ.વરસાણી સાહેબના હસ્તે મેડલ, ટ્રોફી અને સર્ટિફિકેટ આપી વિજેતા ટીમ અને વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી હતી.







### મનેગમતું પુસ્તક : વાર્તાલાપ

શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ગ્રંથાલય સમિતિ પ્રિ. ડૉ. દિલીપભાઈ વરસાણીના અધ્યક્ષ સ્થાને "મને ગમતું પુસ્તક" વાર્તાલાપ યોજાઈ. આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે એમ.ટી.બી. આર્ટ્સ કોલેજના પ્રિ. ડૉ. મધુકર પાડવી અને નવચેતન વિદ્યાલયના આચાર્યા શ્રીમતી સુનિતાબેન સોની ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ જુદા–જુદા પુસ્તક પર સમીક્ષા કરી હતી. તેમાં પ્રથમ ક્રમ કુ. કોટડીયા ધારા (શિક્ષણ રાહ બતાવે રામાયણ), દ્વિતીય ક્રમ કુ. પરમાર કાજલ (હાકલ) અને તૃતીય ક્રમ તેજાણી આયુષીએ પ્રાપ્ત કર્યો હતો. આ કાર્યક્રમ મોટી સંખ્યામાં કોલેજની વિદ્યાર્થિનીઓએ નિહાળ્યો હતો. વધુમાં છેલ્લા દસ વર્ષથી સદર કોલેજમાં 'મને ગમતું પુસ્તક' પર ગ્રંથ સમીક્ષાનું આયોજન થાય છે અને વર્ષમાં ચાર વખત આ કાર્યક્રમ યોજીને છેલ્લે ફાયનલ સ્પર્ધા યોજવામાં આવે છે. કોલેજની વિદ્યાર્થિનીઓ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લે છે જેનાથી વાંચનની ટેવ કેળવાય છે અને સામાન્ય જ્ઞાનમાં વધારો થાય છે.





## શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### સ્નેહ મિલન કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની પરીક્ષામાં ઝળકી ઉઠેલા કોલેજના તેજસ્વી તારલાઓના અભિવાદન–સ્નેહમિલન કાર્યક્રમ Old Student Association તાજેતરમાં યોજાયો હતો. જેમાં વર્ષ: ૨૦૧૭–૧૯ના વર્ષ દરમ્યાનના સિદ્ધિ પ્રાપ્ત તાલીમાર્થીઓને મેડલ, રોકડ પારિતોષિક અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. ઉલ્લાસભેર ઉજવાયેલા આ કાર્યક્રમનો આરંભ સુંદર પ્રાર્થના સાથે થયા બાદ પ્રા. ડૉ. નમ્રતા પટેલે આ મૂલ્યવાન કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. આચાર્ય શ્રી કિશોરભાઈ આર. નાયકે મહેમાનોને આવકારી સહુનું સ્વાગત કરી સિધ્ધિપ્રાપ્ત તાલીમાર્થીઓની જવાબદારી અને

અપેક્ષાઓની સુંદર સ્પષ્ટતા કરી હતી. સમારંભના અતિથિવિશેષ પદે કામરેજ લો કોલેજના પૂર્વ આચાર્ય ડૉ. વિક્રમભાઈ દેસાઈએ Know Your Constitution વિશે પ્રવચન આપતા જણાવ્યું હતું કે, ભારતના બંધારણનું મહત્વ દેશની એકતા અને સમૃદ્ધિ માટે ખૂબ જ જરૂરી છે. તેમણે વિવિધ ઉદાહરણો દ્વારા ભારતના બંધારણની વિશેષતાઓની ચર્ચા પોતાની લાક્ષણિક શૈલીમાં કરી હતી. પ્રસ્તુત સમારંભમાં બી.વિ.કે. મંડળ, બીલીમોરાના પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલ, ચેરમેનશ્રી ભરતભાઈ અમીન, મંત્રી શ્રી મુકેશભાઈ મહેતા, શિવજીભાઈ પટેલ અને પૂર્વ પ્રિન્સીપાલ ડૉ. દિનુભાઈ નાયક તથા સંસ્થાના પૂર્વ પ્રાધ્યાપકોએ પણ ઉપસ્થિત રહી સમારંભની શોભા વધારી હતી. સમારંભનો ઋણ સ્વીકાર પ્રા. ડૉ. કલ્પેશભાઈ ટંડેલે કર્યો હતો તથા સંચારુ સભા સંચાલન પ્રા.ડૉ.નમ્રતાબેન પટેલે કર્યુ હતું.



## વિશ્વ માતૃભાષા દિવની ઉજવણી

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા આયોજિત ૨૧મી ફેબ્રુઆરી "વિષ્વ માતૃભાષા દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ગુજરાતી વિષયના અધ્યાપક ડૉ. શીતલકુમારી એન. વસાવાએ માતૃભાષા દિવસની ઉજવણી શા માટે કરવી જોઈએ ? તે વિષય પર વકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ પ્રિ. ડૉ. કિશોરભાઈ આર. નાયકે માતૃભાષાની હાલની સ્થિતિ અને શિક્ષકના કર્તવ્યની વાત કરી હતી ત્યારબાદ તાલીમાર્થી કુ. વૈશાલી લાડે શાળાકીય શિક્ષણ માતૃભાષામાં જ હોવું જોઈએ વિષય પર વકતવ્ય આપ્યું હતું ત્યારબાદ ટંડેલ સ્નેહાલીએ માતૃભાષાના મહત્વની વાત કરી હતી અને પ્રાચી આહિરે માતૃભાષાની ઉપયોગીતાની વાત કરી હતી. ત્યારબાદ ટંડેલ પૂજાએ માતૃભાષાનું મહત્વ દર્શાવતું ગીત રજુ કર્યુ હતું. આ ઉપરાંત "માતૃભાષાનું મહત્વ" અને "શાળાકીય શિક્ષણ તો ફક્ત માતૃભાષામાં જ" વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત માતૃભાષામાં સુવિચાર લેખન, કહેવતનો અર્થ વિસ્તાર, વાર્તા કથન જેવી પ્રવૃતિઓ યોજવામાં આવી હતી, જેમાં તાલીમાર્થીઓ ઉત્સાહભેર સહભાગી થયા હતા. માતૃભાષાના આસ્વાદના સંતોષની અનુભૂતિ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

## શિક્ષકઃ સંવેદના–ખેવના–વેદ : વ્યાખ્યાન

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં નવસારી કૃષિ યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર ડૉ. મેહુલભાઈ ઠકકરનું માનવ ઉત્કર્ષ મંડળ આયોજીત સુંદર અને પ્રેરક પ્રવચન યોજાયું હતું. ભાવસભર પ્રાર્થના બાદ સંસ્થાના પ્રિ.ડૉ.કિશોરભાઈ નાયકે મહેમાનોને આવકારી માનવ ઉત્કર્ષ મંડળના ઉદ્ભવ અને એની પૂર્વભૂમિકા રજૂ કરી ભાવિ શિક્ષકો માનવ ઉત્કર્ષના બીજને ધારણ કરે એ સમાજ માટે કેટલું ઉપકરણ છે એની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. માનવ ઉત્કર્ષ મંડળના કેન્દ્રબિંદુ એવા ડૉ. દિનુભાઈ નાયકે સંસ્થાના ઈતિહાસ સંદર્ભિત વાતો કરીને સંસ્થાનાં ભવ્ય ભૂતકાળને વાગોળીને 'માનવ ઉત્કર્ષ'માં આ સંસ્થાની શિક્ષકની ભૂમિકા હોઈ શકે એ અંગે પ્રેરણાદાયી વાતો કરી હતી. ડૉ. મેહુલભાઈ ઠક્કરે પોતાની આગવી શૈલીમાં, પાવર પોઈન્ટ પ્રેજન્ટેશનની મદદથી "શિક્ષકઃ સંવેદના–ખેવના –વેદના" વિષય પર પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિવિધ ઉદાહરણોના ઉપયોગથી અસરકારક ચર્ચા કરી હતી. કાર્યક્રમમાં બીલીમોરા કેળવણી મંડળના મંત્રીશ્રી મુકેશભાઈ મહેતા, ચેરમેનશ્રી ભરતભાઈ અમીન અને શ્રી શિવજીભાઈની ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ અર્થસભર બનાવ્યો હતો. સમારંભના અંતે પ્રા.ડૉ.કિરીટભાઈ ચૌહાણે ઋણ સ્વીકાર કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ.શીતલબેન વસાવાએ કર્યુ હતું.



## C. N. Kothai Homoeopathic Medical college & Research Center, Vyara.

### Repertory a friend for Successful Homoeopathic Practice : Seminar


C.N.Kothari Homoeopathic Medical College, Vyara in association with HMAI Vyara Unit oraganised a Seminar on 19/02/2020. The speaker of the seminar was Dr. Kamleshbhai Mehta, a renowned Homoeopath from Mumbai, He presented seminar on topic of "Repertory a

friend for Successful Homoeopathic Practice". He shared his clinical experience on different clinical cases. It was very informative Session. The seminar was attended by 2nd, 3rd & 4th year BHMS students, Interns and staff of the college.

The whole seminar was co-ordinated by seminar committee headed by Dr. Jayantilal J. Jain under the guidance of Principal Dr. (Mrs.) Jyoti R. Rao.













## Preventive aspects of Cardio-Vasacular Disorders : Seminar

C.N.Kothari Homoeopathic Medical College, Vyara organized a short seminar on 25/02/2020. The seminar was on the topic "Preventive aspects of cardio-Vasacular Disorders" and was presented by the speaker Dr. Vishmay Parmar MBBS, PGDCC from Surat. The seminar was attended by 4th year BHMS students, Interns and Teaching Staff of the College.

The seminar was one of the academic activity managed by practice of Medicine Department headed By Dr. Bhavin Modi. It was co-ordinated by seminar committee of the college under the guidance of principal of the college Dr. (Mrs.) Jyoti R. Rao.

## Radiation Hazards of Mobile Phone : Seminar

C.N.Kothari Homoeopathic Medical College, Vyara organized a short seminar on 29/02/2020. The seminar was on the topic "Radiation Hazards of Mobile Phone". The Seminar was Presented By Mr. Ritesh Patel, B.Sc., M.sc. (Gold Medalist) from Surat. This seminar was one of the academic activity managed by Community Medicine Department of the College.

The seminar highlighted the bad effects of Radiation emitted by mobile phone and how to be safe from it. The seminar co-ordinated by seminar committee of the college under the guidance of principal of the college Dr. (Mrs.) Jyoti R. Rao.





## ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન, સુરત.

### વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત દિપપ્રાગ્ટ્ય અને પ્રાર્થના દ્વારા થઈ. તાલીમાર્થીઓ દ્વારા વકતવ્યો, કાવ્યપઠન, ગીત ગઝલ, નાટક જેવી કૃતિઓની રજૂઆત કરવામાં આવી. પ્રા. નીતાબેને કાવ્ય પઠન કર્યુ. ઈ.ચા.આચાર્યા ડૉ. નયનાબેન ચૌહાણે માતૃભાષા વિશે પોતાના વિચારો રજૂ કર્યા. કાર્યક્રમનું આયોજન ડૉ. હેતલબેન પટેલ, પ્રા. નીતાબેન મોહિત અને પ્રા. સમીરા પરવીન હોટેલવાલાએ કર્યુ. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી પટેલ પલક અને સુરતી આકાશે તેમજ આભારવિધિ પદમાની પાયલે કરી.

### ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશનમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન તા.૨૫/૦૨/૨૦૨૦ મંગળવારના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન મિલાપનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનો આરંભ પ્રાર્થના અને દિપપ્રાગ્ટયથી થયો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો પરિચય પ્રા. સંગીતાબેન દ્વારા તેમજ સ્વાગત ઈ.ચા.આચાર્યા ડૉ. નયનાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું બંધારણ પ્રા. એલિષાબેન દ્વારા કરવામાં આવ્યું. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાયો આપ્યા. તેમજ ડૉ. નયનાબેન ચૌહાણે આશીર્વચનો પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. એલિષાબેન અને પ્રા. સંગીતાબેને કર્યુ હતું.

### વિજ્ઞાન દિવસની ઉજવણી

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશનમાં વિજ્ઞાન દિવસની ઉજવણી તા. ૦૩/૦૩/૨૦૨૦ના રોજ કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દિપપ્રાગ્ટય અને પ્રાર્થના દ્વારા થઈ. તાલીમાર્થીઓ દ્વારા ગીત, વકતવ્ય, અને નાટકની રજુઆત થઈ. વિજ્ઞાન–પ્રદર્શન યોજાયું. પ્રા. એલિષાબેને ગીત તેમજ પ્રા. કિંજલબેને વકતવ્ય આપ્યું. ઈ.ચા.ડૉ.નયનાબેન ચૌહાણે આશીર્વચનો આપ્યા. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી પટેલ પાયલ અને ગુપ્તા પ્રિતીએ કરી. આભારવિધિ મિસ્ત્રી ભૂમિએ કરી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. એલિષા કે સરકારી અને પ્રા. કિંજલબેને કર્યુ.

**'દક્ષિણાયન': સરનામું**

ડૉ. બી.જે.અંકુયા
તંત્રી, દક્ષિણાયન
યુનિવર્સિટી ગ્રંથાલય
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
ઉધના–મગદલ્લા રોડ,
સુરત–૩૯૫૦૦૭
E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics
Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
Assistant Librarian
Veer Narmad South Gujarat University, Surat.

**Published by: Dr. Rajendra B. Patel**
I/c. Registrar
Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant
Veer Narmad South Gujarat University, Surat.

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in

E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com